ગાંધીનગર સમાચાર

**આગામી ઉનાળામાં શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર ઉઠશે નહીં**

# શહેરમાંથી દબાણનો સફાયો

## સે-૨૧ તેમજ ૨૨માંથી ઝુંપડા તેમજ લારી-ગલ્લાના દબાણ દુર કરાયા





ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં ફરીવાર મહાનગર પાલિકાની દબાણશાખા તરફથી દબાણ ઝુંબેશ શરુ કરવામાં આવી છે. લારી-ગલ્લા તેમજ ઝુંપડા બાંધીને વર્ષોથી અડીંગા નાંખીને બેઠેલા દબાણોનો સફાયો કરી દેવાયો છે. શહેરના સેકટર-૨૨ ટ્રાફીક પોલીસ સ્ટેશન પાછળ આવેલ ઝુંપડાના તેમજ સેકટર-૨૧ શાકમાર્કેટની આસપાસના દબાણો દુર કરતા દબાણકારોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. શહેરીજનોએ દબાણ શાખાની દબાણ હટાવાની કામગીરીને બિરદાવી છે.

ગાંધીનગર શહેર જાણે દબાણમાં દબાઈ ગયું છે. શહેરના માર્ગો તેમજ આંતરીક રસ્તા પર જ્યાં નજર કરો ત્યાં ઝુંપડાનું દબાણ અથવા લારી-ગલ્લાના દબાણ જોવા મળે છે. આ દબાણકારો વર્ષોથી અડીંગા જમાવીને બેઠા છે. શહેરીજનોને સતાવતો દબાણનો પ્રશ્ન અનેકવાર લેખીત તેમજ મૌખિક રજુઆત છતા હલ થવા પામ્યો નહોતો. ત્યારે છેલ્લા ઘણા સમયથી મહાનગર પાલિકા દ્વારા દબાણ હટાવની ઝુંબેશ આદરી છે. જેમાં શહેરના મોટાભાગના દબાણનો સફાયો કરી દેવાયો છે. ત્યારે ફરીવાર દબાણની કામગીરી કરતી ટીમના લીડર મહેશ મોડ દ્વારા આજે સેકટર-૨૨ પોલીસ સ્ટેશનની પાછળ વર્ષોથી અડીંગા નાંખીને બેઠેલા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં લઘુત્તમ તાપમાન બે ડિગ્રી ગગડતા ઠંડીનું જોર વધ્યુ

## મોસમની સૌથી વધુ ઠંડી : પારો ૧૩.૫ ડીગ્રી સુધી ગગડ્યો

ગાંધીનગર, તા. ૮

આ વર્ષે શરૂઆતથી જ ઠંડીનું જોર વધુ રહ્યું છે. એક જ દિવસમાં પારો બે ડિગ્રી જેટલો ઘટતા શહેરમાં ઠંડીનું સામ્રાજ્ય ફેલાયુ છે. લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિ.સે. સુધી ગગડી ગયું છે.

નવરાત્રી બાદથી જ વાતાવરણમાં ધીમે ધીમે ઠંડક છવાતી જાય છે. મોડી રાત્રે અને વહેલી સવારે ઠંડક અનુભવાય છે. ઘરની બહાર નીકળો ત્યારે ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. જો કે હજુ કાતિલ ઠંડી નથી પડી રહી પરંતુ ગુલાબી ઠંડીનો અહેસાસ ચોક્કસ થઈ રહ્યો છે.

છેલ્લા એક અઠવાડિયાથી લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહેતા ઠંડકનો અનુભવ થતો હતો. ગઈકાલે સાંજ પડતા જ વાતાવરણ ઠંડુ થવા માંડ્યુ હતુ. વહેલી સવારે ઘરની બહાર નીકળતા જ ઠંડી ઘેરી વળતી હતી. લઘુત્તમ તાપમાનનો પારો એક જ દિવસમાં બે ડિગ્રી જેટલો ગગડ્યો હતો જેના કારણે ઠંડી વધુ લાગણી હતી. હવે સવારે અને સાંજે ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવુ વાતાવરણ સર્જાયુ છે. ગૃહિણીઓ ગરમ વસ્ત્રોને તડકે નાંખી ભેજ ઉડાડી રહી છે. બ્લેન્કેટ અને ચાદરો હવે કબાટમાંથી બહાર નીકળી રહી છે. પંખાની સ્પીડ એકદમ ધીમી થઈ રહી છે. સાંજે અને રાતના સમયે બાગ બગીચાઓમાં દેખાતી ભીડ હવે સાવ ઓછી થઈ ગઈ છે. શિયાળાની અસર જનજીવન પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. ઠંડકના કારણે વસાહતીઓ હવે ઘરમાં જ રહેવાનુ વધુ પસંદ કરી રહ્યા છે.

# જિલ્લાની મતદારયાદીમાં ૧૭,૬૯૯ ભૂલો

## જિલ્લામાં ૨૬,૫૩૦ નવા નામ દાખલ કરવાની અરજીઓ મળી છે : સૌથી વધુ ગાંધીનગર (દ)માંથી અરજીઓ મળી સૌથી ઓછી ગાંધીનગર (ઉ)માંથી મળી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ૨૬,૫૩૦ નવા નામ મતદાર યાદીમાં દાખલ કરવાની અરજીઓ સાથે ૧૭,૬૯૯ અરજીઓ મતદાર યાદીમાં નામ અથવા સરનામામાં ક્ષતિ હોવાની મળી છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ૧-૧-૧૭ની સ્થિતિએ મતદારયાદી તૈયાર કરવા માટે હાથ ધરેલી ખાસ ઝુંબેશને અંતે જિલ્લા તંત્રને ૨૬,૫૩૦ અરજીઓ નામ દાખલ કરવા માટે મળી છે.

જિલ્લામાં સૌથી વધુ નામ દાખલ કરવાની અરજીઓ ગાંધીનગર (દ) વિધાનસભામાંથી મળી છે જેની સંખ્યા ૭૨૧૮ છે. આ પછી કલોલમાંથી ૫૨૫૭, માણસામાં ૪૭૧૫, દહેગામમાં ૪૭૧૧ અને ગાંધીનગર (ઉ)માં ૪૬૨૯ અરજીઓ મળી છે.

નામ કમી કરવા માટે ૯૩૩૫ અરજીઓ મળી છે. જેમાં કલોલમાંથી ૧૧૪૭, માણસામાંથી ૧૨૧૧, ગાંધીનગર (ઉ)માંથી ૯૦૫, ગાંધીનગર (દ)માંથી ૯૨૯ અને દહેગામમાંથી ૬૭૯ અરજીઓ મળી છે.

જિલ્લાની પાંચેય વિધાનસભા મત વિસ્તારમાં ૧૭,૬૯૯ જેટલી અરજીઓ ક્ષતિ સુધારણા માટેની મળી છે. જે સૌથી ચોંકાવનારી સંખ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સૌથી વધુ ક્ષતિઓ દહેગામ વિધાનસભા મતવિસ્તારમાં જણાઈ છે. દહેગામમાંથી ૬૫૦૦ થી વધુ અરજીઓ ક્ષતિ સુધારણાની મળી છે. આ પછી કલોલમાંથી ૩૯૭૪ અરજીઓ, ગાંધીનગર (દ)માંથી ૩૮૪૩ ગાંધીનગર (ઉ)માંથી ૧૮૨૯ અને માણસામાંથી ૧૫૭૪ અરજીઓ ક્ષતિ સુધારણાની મળી છે.

આ જ પ્રમાણે એક જ વિધાનસભા મત વિસ્તારમાંથી એ જ વિધાનસભા મત વિસ્તારમાં સ્થળાંતર કર્યુ હોય તેમના સરનામા બદલવા માટે ૨૫૦૦થી વધુ અરજીઓ મળી છે. જેમાં સૌથી વધુ અરજીઓ કલોલ

● અનુસંધાન પાન-૭ પર

# સરપંચોની બેઠકોના રોટેશન અંગેનું જાહેરનામુ એકાદ બે દિવસમાં પ્રસિદ્ધ થશે

## આજે પંચાયતોની ચૂંટણી અંગે તંત્રની તૈયારીઓને લઈ ચૂંટણી પંચે યોજેલી વિડીયો કોન્ફરન્સ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં આગામી દિવસોમાં યોજાનાર પંચાયતોની ચૂંટણીમાં સરપંચોની બેઠકોના રોટેશન અંગે રાજકીય ઉત્તેજનાઓ પ્રવર્તી રહી છે અને આગામી એક-બે દિવસમાં જિલ્લા કલેક્ટર દ્વારા આ અંગેનું વિધિવત પ્રાથમિક જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ડિસેમ્બરની ૨૨મી પહેલાં યોજાનારી ચૂંટણી અંગેની તૈયારીઓ માટે આજે રાજ્ય ચૂંટણી પંચે ખાસ સમીક્ષા બેઠક જિલ્લા તંત્રોની રાખી છે. આ બેઠક બાદ રોટેશન અંગે પંચના માર્ગદર્શન પછી જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ થશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ રાજ્યની ૧૦ હજાર જેટલી પંચાયતોની ચૂંટણી ડિસેમ્બરમાં યોજાવાની છે. તંત્ર દ્વારા આ ચૂંટણીને લઈ ધીમી ગતિએ તૈયારીઓ ચાલી રહી છે.

આ ચૂંટણી અંગેની સત્તાઓ જિલ્લા તંત્રને સુપ્રત કરવામાં આવી હોવાથી પંચ માત્ર મોટાભાઈની ભૂમિકામાં જ કામગીરી કરશે. ચૂંટણીઓ નિયત સમય મર્યાદામાં જ યોજવામાં આવે તે માટે જરૂરી માર્ગદર્શન પંચ આજની બેઠકમાં આપશે તેમ જાણવા મળેલ છે.

રાજ્ય ચૂંટણી પંચ અને જિલ્લા તંત્ર વચ્ચે સરપંચોની બેઠક અંગે ચર્ચાઓ ચાલી રહી છે. રોટેશનને લઈ સમગ્ર બાબત ન્યાયાધીન હોવાથી તંત્ર પણ મુંઝાયેલુ છે.

બીજી તરફ જિલ્લામાં ૧૯૫ ગ્રામ પંચાયતોની મુદત ૨૨ ડિસેમ્બરના રોજ પૂર્ણ થઈ રહી છે.

મળતા નિર્દેશો મુજબ રોટેશન અંગેના માર્ગદર્શન બાદ તંત્ર દ્વારા તે અંગેનું પ્રાથમિક જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે અને પાંચ દિવસ બાદ આખરી જાહેરનામુ પ્રસિદ્ધ કરી દેવાશે.

આ પછી નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં પંચાયોતની ચૂંટણી યોજવા અંગેની વિધિવત્ ઘોષણાઓ થશે. આ ચૂંટણીને લઈ ચૂંટણી અધિકારીઓની નિયુક્તી સહિતની કામગીરી આગામી એકાદ સપ્તાહમાં પૂર્ણ કરી દેવામાં આવશે તેમ પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ચૂંટણી અધિકારીઓની નિયુક્તી પછી તાલિમ અને તૈયારીઓનો ધમધમાટ વધી જશે તેમ મનાઈ રહ્યું છે.

# આગામી ઉનાળામાં શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર ઉઠશે નહીં

## ચાર ગામમાં પાણીના નવા બોર બનાવાનુ કામ પુર્ણ : બોરીજમાં હવે કામ શરૂ થશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં પાણી વધુ ફોર્સથી મળી રહે તે માટે બોર બનાવાની કામગીરી પુર્ણ કરી દેવાઈ છે. જો કે બોરીજમાં હજુ બોર બનાવાનુ કામ બાકી છે. બોર બનાવા પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થયો છે.બોરીજમાં પણ ટુંકમાં જ નવા બોરનુ કામ હાથ ધરાશે જયારે આગામી ઉનાળા પુર્વે શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર ડામવા નવા બોર આધારિત વ્યવસ્થા કાર્યરત થઈ જશે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણીનો પ્રશ્ન છેલ્લા ઘણાં સમયથી પેચીદો બન્યો છે. ગ્રામ્ય વિસ્તારની ટોપોગ્રાફીના લીધે કેટલાક વિસ્તારમાં પાણી ટીપે ટીપે આવતુ હોવાનો કકળાટ પણ પ્રવર્તાયો છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીની સમસ્યા પેચીદી બને છે. પાણી ન આવતા ગ્રામજનોમાં આક્રોશ પ્રવર્તે છે. અગાઉના સમયમાં પણ શહેરી વિસ્તારના ગામોમાં પાણીના મામલે બેડાયુધ્ધની સ્થિતિ સર્જાઇ હોવાના દાખલા છે. બીજીતરફ શહેરી વિસ્તારના ગામોમાં ટોપોગ્રાફીના લીધે પાણીની સમસ્યા વધુ સંગીન બની છે. શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકાર ડામવા માટે તંત્ર દ્વારા પાણીના નવા બોર બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. આ અન્વયે ઈન્દ્રોડા ,પાલજ ,બાસણ ધોળાકુવામાં નવા બોર બનાવાની કામગીરી પુર્ણ કરી દેવાઈ છે. જયારે બોરીજમાં હવે કામ હાથ ધરાશે. શહેરી વિસ્તારના ગામોમાં પાણીનો બોર બનાવવા માટે અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે બોર બનાવાયા બાદ હવે ટુંકમાં જ પાણીની જરૂરી લાઈનનુ કામ હાથ ધરાશે ત્યારબાદ સપ્લાયનુ નેટવર્ક યોગ્ય કરાયા બાદ નવા બોરની વ્યવસ્થાના આધારે પાણીનુ વિતરણ કરવામાં આવશે. અલબત્ત આગામી બે મહીનામાં ઉનાળા પુર્વે શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા હલ થઈ જશે.

ASI / PSI, GPSC, ગૌણસેવા, બેંક અને LICની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલિમ માટે

ફ્રી સેમીનાર

૧૦-૧૧-૧૬ ને ગુરૂવારે તથા ૧૨-૧૧-૧૬ શનિ

ફ્રી સેમિનાર બપોરે ૧૨ થી ૨

-: સ્થળ :-

સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મ ભવન, રંગમંચ સામે, વિદ્યા લાયબ્રેરી બાજુમાં, સેક્ટર-૧૬, ગાંધીનગર



ડો. કલ્યાણસિંહ ચંપાવત (Ph.D.-HRD) વર્લ્ડ બેસ્ટ માસ્ટર ટ્રેનર મેનેજમેન્ટ ગુરૂ

સ્માર્ટ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ સેન્ટર પ્રા.લિ. કંપની

સંપર્ક :- ૭૦૪૬૨ ૬૯૯૫૭, ૯૫૧૨૦ ૫૧૪૦૧, ૯૯૯૮૮ ૯૭૦૨૩, ૯૯૦૪૯ ૩૬૬૭૫

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર

આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-3, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com